| | |
|---|---|
| રજુ કર્યા તારીખ | |
| દાખલ કર્યા તારીખ | |
| ફેંસલ કર્યા તારીખ | ૨૮–૦૮– ૨૦૧૮ |
| સમય ગાળો : | વર્ષ – માસ – દિવસ |
| | – – |

આંક : _____

**અમદાવાદના મહે.એડિ.ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ (કોર્ટ નં.૨૦)**
**શ્રી પી.એમ. ઉનડકટ સાહેબની અદાલતમાં, મુ. અમદાવાદ**
**ફોજદારી કેસ નંબર : ૨૦૦૧૧૦૮/૧૦**

**શ્રી સરકાર ... ... ... ... ... ..... ફરિયાદી**

**– : વિરૂધ્ધ : –**

**હરગોવિંદભાઈ ઈશ્વરભાઈ દેસાઈ, ઉ.વ.૩૮,**
**રહે. : ૮૬, રબારી કોલોની, અમરાઈવાડી,**
**અમદાવાદ શહેર ... ... ... ... આરોપી**

**ગુનો : આઈ.પી.સી.કલમ : ૧૭૦ મુજબ**

**ફરિયાદપક્ષે ... ... વિધ્વાન એ.પી.પી. શ્રી એચ. એસ. પરમાર**
**બચાવ પક્ષે ... ... વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એમ.પી.મોદી**

// **ચુકાદો** //

।૧। ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ જાહેરમા સાહેદોને પોતે પોલીસ

હોવાની ઓળખ આપી, આઈ–કાર્ડ માંગતા ન હોવાનું તથા ગલ્લાં તલ્લાં કરતા અને પોલીસ ન હવાછતા પણ પોલીસનો સ્વાંગ રચી ગુનો કરેલ જે અંગેની હાલની ફરિયાદ, ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ઓઢવ પો. સ્ટેશનમાં આપતાં ઓઢવ પો. સ્ટે. ફ.ગુના રજી. નંબર : ૩૪૪/૧૦ થી આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ : ૧૭૦ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૧૭૩ (૨) અન્વયેનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે આરોપી વિરૂધ્ધનું નામ. અદાલતમાં રજુ રાખેલ છે.

ાર। આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિધ્વાન વકીલશ્રીનાઓ મારફતે હાજર થયેલા. ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલ આરોપીઓને વિના મુલ્યે પુરી પાડી આંક : ર થી તેઓનું નિવેદન લેવામાં આવેલ છે જેમા તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. બાદ ફરિયાદપક્ષે પુરાવો લેવામાં આવેલ છે.

ા૩। ફરીયાદપક્ષે આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :</u>–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદી જગતસિંહ રામસિંહની જુબાની | ૦૩ |
| (૨) | સાહેદ ખેંગારભાઈ ભવાનભાઈની જુબાની | ૦૫ |
| (૩) | સાહેદ પ્રહલાદભાઈ મફતભાઈ પટણીની જુબાની | ૦૬ |

| | | |
|---|---|---|
| (૪) | સાહેદ કૌશિક પરસોત્તમભાઈ પટેલની જુબાની | ૦૭ |
| (પ) | સાહેદ શૈલેષભાઈ ઘનજીભાઈ પટ્ટણીની જુબાની | ૦૮ |
| (૬) | ત.ક.અ. સુનિલકુમાર બનવારીલાલની જુબાની | ૦૯ |

**દસ્તાવેજી પુરાવો :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ | ૦૪ |
| (૨) | ચાર્જ અમલદારને કરેલ રીપોર્ટ | ૧૦ |

।૪। ફરીયાદપક્ષે વિધ્વાન સરકારી વકીલશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આરોપીને ગુનામાં સાંકળતો પુરાવો જણાતો હોઈ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું તથા પોતે ઓફિસમા ગયા જ નથી કે કોઈને ધમકી આપેલ નથી તેમ જણાવી પોતે નિર્દોષ હોવાનો ઉલ્લેખ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે.

।પ। ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એચ.એસ. પરમાર ધ્વારા એવી રજુઆત કરવામાં આવી છે કે, આરોપીએ જાહેરમાં પોતે પોલીસ હોવાનો સાહેદો પાસે સ્વાંગ રચી, આઈ–કાર્ડ માંગતા તે ન હોવાનું જણાવી ગલ્લાં તલ્લા કરવા લાગેલ. આમ, આઈ.પી.સી. કલમ : ૧૭૦ મુજબના તત્વો પ્રોસીકયુશને નિ:શંકપણે પુરવાર કરેલા છે જેથી આરોપીને કાયદામાં પ્રસ્થાપિત થયેલી

સખ્તમાં સખ્ત સજા ફરમાવવા દલીલ કરેલ છે.

(૫:૧) બચાવપક્ષે વિ.વ.શ્રી મોદી ધ્વારા આંક : ૧૧ થી લેખીત દલીલો રજુ કરી એવી રજુઆત કરેલ છે કે, આઈ.પી.સી. કલમ : ૧૭૦ ના તત્વો જોવામાં આવે તો આરોપીએ જાહેર સેવક હોવાનો ડોળ કરેલ હોય કે ખોટી રીતે આવો હોદ્દો ધરાવવાનો દેખાવ કરેલો હોય કે પ્રયત્ન કરેલો હોય તેવો કોઈ પુરાવો મળી આવતો નથી. વળી, ફરિયાદપક્ષના કેસમાં કહેવાતા સાહેદો કે જેમની પાસે આરોપીએ પોલીસ હોવાનો સ્વાંગ રચેલ હોવાનો આક્ષેપ છે તેવા સાહેદો કૌશિકભાઈ, શૈલેષ ભાઈ તથા પ્રહલાદભાઈ કે જેઓ લારી પર ધંધો કરે છે તેઓ તમામ હોસ્ટાઈલ જાહેર થયા છે અને તેઓ આરોપીને ઓળખતા નથી. તે જ રીતે બનાવ સ્થળનું પંચનામું કરવામાં આવેલ નથી, હેડ કોન્સ્ટેબલ ખેંગારભાઈ ભવાનભાઈ આરોપીને પોતે સાથે હોવાછતા ઓળખતા નથી. સ્વતંત્ર સાહેદો હોસ્ટાઈલ જાહેર થયા છે જયારે બાકીના પોલીસ સાહેદો છે, તેઓના પુરાવાથી આઈ.પી.સી.ની કલમ : ૧૭૦ ના તત્વો સંતોષાતા નથી. આમ, ફરિયાદપક્ષ નિ:શંકપણે આરોપી સામેનો કેસ સાબીત કરી શકેલ ન હોય, આરોપીને દોષમુકત ઠરાવી છોડી મુકવા ભાર પૂર્વક દલીલ કરેલ છે.

।૬। ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટેના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દા નંબર : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના

આરોપીએ જાહેરમા સાહેદોને પોતે પોલીસ હોવાની ઓળખ આપી, આઈ–કાર્ડ માંગતા ન હોવાનું તથા ગલ્લાં તલ્લાં કરતા અને પોલીસ ન હવાછતા પણ પોલીસનો સ્વાંગ રચી ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ : ૧૭૦ મુજબ નો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નંબર : ૨ શું હુકમ ?

।૬। ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે જણાવેલ કારણો મુજબ આ પ્રમાણે છે.

મુદ્દા નંબર : ૧ નકારમાં,

મુદ્દા નંબર : ૨ આખરી હુકમ મુજબ.

## // **કારણો**//

।૭। આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ : ૧૭૦ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ન્યાય શાસ્ત્ર ના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ : ૧૦૧ અન્વયે આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલ છે. જે સિધ્ધાંતને લક્ષમાં રાખી સદર કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**મુદ્દા નંબર ૧** :–

।૮। આ કેસમાં આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે આંક–૩થી ફરીયાદી જગતસીંહ રામસીંહ ને તપાસતા તેઓ જણાવે છે કે તા.૬–૭–૧૦ ના રોજ ઓઢવ વન ગાડીમા તેઓ હે.કો.તરીકે ફરજ પર હતા ત્યારે તેઓ સ્ટાફ સાથે પેટ્રોલીંગમા નીકળેલા અને ફરતા ફરતા ઓઢવ ખોડીયાર નગર ચાર રસ્તા શાક મારકેટ પાસે આવી ટ્રાફીક નિયમનની કામગીરી કરતા હતા. ત્યાં એક ઈસમ કપડાનું વેચાણ કરતો હતો ત્યારે એક ઈસમે આવી ગરીબ માણસ છે અને તેને હેરાન ન કરો તેમ જણાવેલ દરમ્યાન સાહેદ નં.૩ અને ૪ નાએ આવી જણાવેલ કે આ ઈસમ તેમની પાસે જઈ પોલીસનું ખોટુ નામઆપી સસ્તામા કપડા લઈ જાય છે અને પોતે પોલીસ હોવાનું જણાવે છે જેથી આ ઈસમનું નામઠામ પુછતા હરગોવિંદભાઈ ઈશ્વરભાઈ રબારી હોવાનું જણાવેલ જેથી તેને ઓળખ કાર્ડ આપવાનું કહેતા ગલ્લા તલ્લા કરવા લાગેલ અને કાર્ડ ન હોય ધોરણસર કાર્યવાહી કરી તેની સામે ફરીયાદ આપેલી. મજકુર ફરિયાદીની બચાવપક્ષે ઉલટ તપાસ કરાતા તેમા કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે, બનાવ પહેલા આ આરોપીને આ રીતેનું વર્તન કરતો જોયો નથી. સાહેદ નં. ૩–૪ નાએ બનાવની જાણ કરેલી. તે સિવાયની હકીકતોનો સાહેદ ઈન્કારીયતમાં જવાબ આપે છે.

।૯। ફરિયાદ પક્ષે સાહેદ ખેંગારભાઈ ભવાનભાઈ ને આક– ૫ થી તપાસતા તેઓ પુરાવો આપતા જણાવે છે કે તા.૬–૭–૧૦ ના રોજ તેઓ તથા સ્ટાફ ના ખોડીયારનગર નેશનલ હાઈવે નં.૮ ચાર રસ્તા પાસે જુના કપડા વેચતા ઈસમોએ ફરીયાદ કરેલ કે એક ઈસમ અમારી પાસે પોલીસ તરીકેની

ઓળખાણ આપી જુના કપડા લઈ જાય છે જેથી જગતસીહે તે ઈસમને બોલાવી નામઠામ પુછતા અને તેની પાસે પોલીસનું કોઈ ઓળખપત્ર ન હોય સરકાર તરફે ફરીયાદ આપેલી આ કામે તેમનો જવાબ લીધેલો વધુમાં સાહેદ કબુલ રાખે છે કે, પકડાયેલા ઈસમને લાંબો સમય થયે ઓળખી શકું નહીં. આ સાહેદની બચાવપક્ષે ઉ×ત કરાતા તેમા ઈન્કારીયતભર્યા જવાબો આપે છે.

।૧૦। ફરિયાદપક્ષે સાહેદ પ્રહલાદભાઈ મફતભાઈ પટણી આંક : ૬, સાહેદ કૌશિકભાઈ પરસોત્તમભાઈ પટેલ આંક : ૭ તથા સાહેદ શૈલેષભાઈ ધનજીભાઈ પટણી આંક : ૮ થી પુરાવો આપે છે. આ તમામ સાહેદો જેઓ લારી ગલ્લાંમા કપડાનો ધંધો કરે છે. તેઓ સ્પષ્ટપણે તમામ કબુલ રાખે છે કે, આ કામના આરોપી તેમની પાસે આવેલા નથી, તેઓને ઓળખતા નથી કે તેમની પાસે કોઈ પોલીસની ઓળખ આપી ઓછા ભાવે કપડાં ખરીદ કરી જતા નથી.પોલીસે ફકત તેઓનું નામ-ઠામ પુછેલું હોવાનું તમામ સાહેદો જણાવે છે. જેઓને ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી ઉ×ત કરવાછતા સમર્થનકારી પુરાવો આપતા નથી જયારે બચાવપક્ષે આ તમામ સાહેદોની ઉ×ત થયેલ નથી.

।૧૧। ફરિયાદપક્ષે ત.ક.અ. સુનીલકુમાર બનવારીલાલ શર્મા ને આક-૯ થી તપાસતા તેઓ પુરાવો આપતા જણાવે છે કે તા.૬-૭-૧૦ ના રોજ તેઓ ઓઢવ પો.સ્ટે.મા પીએસઆઈ તરીકે ફરજ પર હતા તે વખતે ફરીયાદીએ ફરીયાદ આપતા પી.આઈ.એ પી.એસ.ઓ.ને રીપોર્ટ કરી ગુનો દાખલ કરાવી આગળની તપાસ તેમને મળતા તપાસ સંભાળી લાગતા-વળગતા સાહેદોના નિવેદનો લઈ

આરોપીને અટક કરેલ અને પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ બચાવપક્ષની ઉલટ તપાસમાં ઘટના સમયે તેઓ હાજર ન હતા. તે સિવાય ઈન્કારીયતમા જવાબો આપેલા છે.

।૧૨। આમ, ઉપરોકત સમગ્ર પુરાવાની તલસ્પર્શી ચર્ચા કરીએ તો આ કામે ફરિયાદપક્ષ કેસની જે હકીકત લઈને આવેલો છે કે, સાહેદો પ્રહલાદભાઈ, કૌશિકભાઈ તથા શૈલેષભાઈ કે જેઓ કપડાનો ધંધો કરે છે અને તેઓની પાસે આ કામનો આરોપી પોલીસનો સ્વાંગ રચી, ઓછી કિંમતે રેડીમેટ કપડા લઈ જતા હોવાનો આક્ષેપ છે પરંતુ, જેમની પાસે આવો સ્વાંગ રચેલ હોવાનો આરોપી સામે આક્ષેપ છે તે તમામ ઉપરોકત સાહેદો તો આરોપીને ઓળખતા નથી કે તેમની પાસે આવી કોઈ માંગણી કરી નથી તેમ જણાવે છે. તેઓને ફરિયાદ પક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલા છે જયારે બાકી રહયા પોલીસ સાહેદો જેમાં સાહેદ ખેંગારભાઈ ભવાનભાઈ લાંબો સમય થયેલ હોય આરોપીને ઓળખી શકે નહી તેમ જણાવે છે., ત.ક.અ. એ તેમની તપાસ દરમ્યાન વિશેષ કોઈ પુરાવો એકત્રીત કરેલ હોય તેમ રેકર્ડ જોતા જણાતું નથી માત્ર ફરજના ભાગરૂપે કામગીરી કરેલી છે તેમ કબુલ રાખે છે.  તેવા સંજોગોમાં આઈ.પી.સી. કલમ : ૧૭૦ ના તત્વો મુજબ ફરિયાદપક્ષે નિ:શંકપણે આરોપીએ જાહેર સેવક તરીકે પોલીસનો સ્વાંગ રચી, ખોટો ડોળ કરેલો હોય કે ખોટી રીતે પોલીસનો હોદ્દો ધરાવતા હોવાનો દેખાવ કરેલો હોય કે તેવો પ્રયત્ન કરેલ હોવાનો લ્હેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય, આરોપીને શંકાના અભાવે દોષમુકત ઠરાવી છોડી મુકવાનું ન્યાયોચિત જણાય છે અને તેથી મુદ્દા નંબર ૧ નકારમાં ઠરાવી મુદ્દા નંબર : ૨

પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આ ખ રી હુકમ //

:૧: આ કામના આરોપીની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ : ૧૭૦ મુજબનાં આક્ષેપિત ગુનાના તહોમતમાં ફોજદારી કાર્ય રીતિ સંહિતાની કલમ : ૨૫૫ (૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

:૨: આ હુકમ સામે અપીલ અદાલતમાં હાજર રહેવા અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૭(એ)મુજબ હાલના આરોપીએ રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ રાખવા.

આ ઠરાવ આજ તારીખ : ૨૮ મી, માહે : ઓગષ્ટ, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૮/૦૮/૨૦૧૮
અમદાવાદ

**(પી.એમ. ઉનડકટ)**
GJ00716
એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૨૦, અમદાવાદ

*M.M.DEVANI., P.A.*